જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૬/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૧૧/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૭૮૮ | ૫૧ | ૮૮૩૯ | ૧૪૮૬૮ | ૪૫ | ૧૪૯૧૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૪૭ | ૩ | ૪૨૫૦ | ૫૭૬૧ | ૩ | ૫૭૬૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૬ | ૧ | ૩૭ | ૨૦૦ | ૦ | ૨૦૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૫૭૬ | ૪૭૨ | ૯૦૪૮ | ૯૫૪૯ | ૪૨૫ | ૯૯૭૪ |
| કુલ | | ૨૧૬૪૭ | ૫૨૭ | ૨૨૧૭૪ | ૩૦૩૭૮ | ૪૭૩ | ૩૦૮૫૧ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૫૩ | ૧,૬૮,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૨૯ | ૬,૨૫,૮૦૦/- |

# લુંટ વિથ હત્યાના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## ત્રણ વર્ષ પહેલા વાડજ પોલીસ સ્ટેશનના આંગડીયા કર્મચારીના લુંટ વિથ હત્યાના ગુન્હામાં લાંબા સમયથી નાસતા રહેલ આરોપીને દિલ્હી ખાતેથી ઝડપી લેતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

ગઈ તા.૧૬/03/૨૦૧૮ ના રોજ સવારના સાતેક વાગે રતનપોળ મિર્ચીપોળ ખાતે આવેલ બાબુ કાંતી આંગડીયા પેઢીના કર્મચારી રાજુભા વિશુભા ઝાલા રહે. મુળ વતન ગામ-ધનપુરા, તા-બેચરાજી જી.મહેસાણા નાઓ પેઢીના પાર્સલો લઇ બોલેરો ગાડીમાં આશ્રમરોડ, ગુજરાત વિધ્યાપીઠ સામે એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે આવેલ જ્યાં બીજી આંગડીયા પેઢીના કર્મચારીઓ પણ આવેલ હતા. જેઓ બસની રાહ જોઈ રહેલ હતા તે વખતે ઈન્કમટેક્ષ સર્કલ તરફથી બે મોટરસાઈકલ ઉપર ડબલ સવારીમાં ચાર ઈસમો આવી પિસ્ટલ વડે ફાયરીંગ કરી અરવિંદભાઈને ગોળી મારી તેમનુ મોત નિપજાવી પાર્સલોની લુંટ કરી આરોપીઓ નાસી ગયેલા. જે અંગે વાડજ પો.સ્ટે ખાતે ફ.ગુ.ર.નં ૫૭/૧૮ ઈ.પી.કો.કલમ-૩૯૭,૩૦૨,૩૪,૧૨૦(બી) આર્મ્સ એક્ટ ૨૫(૧)(બી)(એ) મુજબનો ગુન્હો દાખલ થયેલ.

આ ગુન્હામાં જે તે સમયે ગણતરીના દિવસોમાં ક્રાઈમ બ્રાન્ચ તરફથી ગુંન્હામાં સંડોવાયેલ (૧) જોરાવરસિંહ ઉર્ફે જોરુ S/O વાધજીભાઈ શિવાભાઈ ચૌહાણ તથા (૨) રાજુ ઉર્ફે રાજુ મારવાડી સ/ઓ પુનમચંદ મારવાડી તથા (૩) પ્રકાશકુમાર સ/ઓ લકમાજી માલાજી પ્રજાપતિ તથા (૪) રજનીશકુમાર રામઅરજ ધોબી તથા (૫) કિરીટસિંહ વાધજીભાઇ ચૌહાણ તથા (૬) આશુ સ.ઓ. બલરામ યાદવ એમ કુલ-૦૬ આરોપીઓને પકડી તેઓના કબ્જામાંથી ગુન્હામાં વાપરેલ હથિયારો તથા લુંટમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હતો. અને આ ગુન્હામાં વધુ ત્રણ ઈસમો (૧) પ્રદિપ (૨) મોહમદ સકીલ ઉર્ફે કકુ તથા (૩) મકસુદ આલમ ઉર્ફે રાણા એ રીતેના નામો ખુલવા પામેલ હતા.

અમદાવાદ શહેરમાં ગંભીર પ્રકારના ગુન્હાઓમાં સંડોવાયેલ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સીધી સુચના હેઠળ ખાસ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ, શ્રી અજયકુમાર તોમર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ શ્રી બી.વી.ગોહિલ નાઓની આગેવાની હેઠળ અલગ અલગ ટીમો કાર્યરત હતી. અને આ પ્રકારના ગંભીર ગુન્હામાં પકડવાના બાકી રહેલ આરોપીઓ અંગે સમગ્ર ભારતની પોલીસના સોશીયલ મિડીયાના ગ્રુપમાં પણ જાહેર કરવામાં આવેલ હતુ.

આ દરમ્યાન અત્રેની શાખાના પોલીસ ઈન્સપેકટરશ્રી જે.એન.ચાવડા તથા પો.સબ.ઈન્સશ્રી, એ.પી.જેબલીયા તથા પો.સબ.ઈન્સશ્રી, એસ.પી.ગોહિલ તથા ટેકનીકલ પો.સબ.ઈન્સશ્રી એમ.ડી.મકવાણા નાઓએ તેઓની ટીમના માણસો સાથે રાખી ઉપરોક્ત બાકી રહેલ આરોપીઓ પૈકી પ્રદિપ રામઆશરે ગૌતમ રહે-ચોનીયા અલીપુર રોડ તા.સહેજાદપુર જી.આંબેડકરનગર ઉત્તરપ્રદેશ નાનુ ટેકનીકલ સોર્સીસ આધારે તેની હાલની હાજરી બાબતે ઝીણવટપુર્વક તપાસ કરી આરોપીની દિલ્હી ખાતે હોવાની પો.ઇન્સ.શ્રી જે.એન.ચાવડા નાઓને માહીતી મળતા દિલ્હી કેન્ટ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી રાજપાલ ડબાસ તથા તેઓની ટીમનો સંપર્ક કરી આરોપીની તપાસ કરવા અત્રેથી ટીમ મોકલતા દિલ્હી પોલીસની મદદથી આરોપી હસ્તગત કરી, અત્રે લાવી, ઉપરોકત ગુંન્હા સબંધીત પુછપરછ કરતા તેણે ઉપરોક્ત ગુંન્હાની કબુલાત કરતા આજરોજ વાડજ પો.સ્ટે. સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

## આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ

હાલના આરોપી વર્ષ-૨૦૧૫ માં ઉત્તરપ્રદેશ અકબરપુર પોલીસ સ્ટેશન ખાતે લુંટના ગુન્હામાં પકડાયેલ છે.

# કોવિડ વોલન્ટિયર્સને સર્ટિફિકેટ આપી બિરદાવવામાં આવ્યા

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન

કોવિડ ૧૯ મહામારી પોલીસ સાથે સતત મદદમાં રહી કામગીરી કરનાર ૪૬૨ જેટલા કોવિડ વોલન્ટિયર્સને સર્ટિફિકેટ આપી બિરદાવવામાં આવ્યા, વધુમાં ભવિષ્યમાં પણ પોલીસ મિત્ર બનીને રહે અને પોલીસ- પ્રજાના આ સેતુને કાયમ રાખે તેવી સમજ આપી યથાર્થ પ્રયત્ન કરવામાં આવ્યો.




AHMEDABAD CITY POLICE


AHMEDABAD CITY POLICE

# પાસાના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સયુકત પોલીસ કમિશ્નશ્રી સેક્ટર-૨ નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઈ ડીવીજન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ બ્રીજેશ ઉર્ફે ભયલુ સ/ઓ શ્રીધરભાઈ ભરતભાઈ ભટ્ટ ઉ.વ.-૨૧ રહેવાશી-૨૨/૬૮૪ શ્યામજી કૃષ્ણ વર્મા અવાસ ચાર માળીયા મકાન સફારી હોટલની પાછળ ઓઢવ અમદાવાદ શહેર મુળગામ-નાગરવાસ જુના બસ સ્ટેન્ડની સામે તા.-કપડવંજ જી.-ખેડા નાઓ " જાહેરવ્યવસ્થા " વિરૂધ્ધના કૃત્યો કરતા હોય તેઓના વિરૂધ્ધના પુરાવા એકત્રીત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ મે. સાહેબ નાઓએ ઉપરોકત બ્રીજેશ ઉર્ફે ભયલુ સ/ઓ શ્રીધરભાઈ ભરતભાઈ ભટ્ટ ઉ.વ.-૨૧ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ ક્રમાક-પીસીબી/ડીટીઈન/પાસા/૩૮૬(એ)/૨૦૨૦ તા-૨૦/૦૬/૨૦૨૦ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ ઈન્સ. આર.એ.ઝાલા તથા મ.સ.ઈ. ચંદુભાઈ મગનભાઈ બ. નં.૭૯૮૫ તથા અ.લો.ર. હરદેવભાઈ અજાભાઈ બ.નં-૧૫૩૦ તથા અ.લો.ર. દિગ્વિજયસિંહ જગદિશસિંહ બ.ન.-૧૧૭૪૫ નાઓએ ઓઢવ રીંગરોડ કેનેડા હોટલ પાસેથી મ.સ.ઈ. ચંદુભાઈ મગનભાઈ બ. નં.૭૯૮૫ નાઓની બાતમી હકિકત આધારે પાસા અટકાયતીને તા-૨૦/૦૬/૨૦૨૦ ના રોજ પકડી પાસા હુકમની બજવણી કરી સુરત જેલ ખાતે પાસા અટકાયતીઓને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.તા.- ૨૧/૦૬/૨૦૨૦

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૯૪ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ કવાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૪/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** દર્શનભાઇ સ/ઓ વિજયકુમાર પટેલ (ઉ.વ.૨૯) (રહે.યુનીક સીટી પ્રાસંગ પાર્ટી પ્લોટની બાજુમાં ગોતા) એ તા.૨૧/૦૬/૨૦૨૦ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા૨૬/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૮૯૨૭૮૮૫૦૪૨ ના ધારકે દર્શનભાઈને ફોન કરી વિશ્વાસમાં લઈ પ્લેસ્ટોરમાંથી ક્વીક સપોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી મોબાઇલ નંબર રજીસ્ટ્રેશન કરાવી દર્શનભાઈના બેન્ક ખાતામાંથી અલગ-અલગ સમયે કુલ રૂપિયા ૨,૯૪,૧૮૧/- ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી જાડેજા ચલાવે છે.

**ચાંદખેડાઃ** તેજપાલ સ/ઓ મુકેશકુમાર મોદી (ઉ.વ.૩૫) (રહે.શરણ સર્કલ હોમ ઝુંડાલ ચાર રસ્તા ઝુંડાલ બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે ચાદખેડા) એ તા.૨૧/૦૬/૨૦૨૦ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન ૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ચાદખેડા ન્યુ સી.જી રોડ શ્રીહરી રેસીડન્સી એ/૨૦૪ ખાતેથી આરોપી દેવલ નીલેશભાઈ પટેલ (રહે. નીલગીરી લક્ઝરીયસ એપાર્ટમેન્ટ સાયન્સ સીટી સોલા) એ તેજપાલ મોદીને એલોપેથીક દવાઓ ૫% નફો મળશે તેવી લોભામણી લાલચ આપી આઇ.સી.આઇ.સી.આઇ બેંક તેમજ રોકડ રકમ મળી રૂપિયા ૩,૦૭,૬૮,000/- તેજપાલ મોદી પાસેથી લઇ રોકાણ કરી થોડા સમય સુધી ૫% લેખે નફો આપી વિશ્વાસ કેળવી તેજપાલ મોદીની બાકી નીકળતી રકમ ૨,૨૩,૧૭,૫૦૦/- અવાર નવાર માંગણી કરતાં નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.દેસાઇ ચલાવે છે.

**એરપોર્ટ**: વિજયભાઇ મોતીરામ મતનાની (ઉ.વ.૨૯) (રહે. મહારથી સોસાયટી સરદારનગર) એ તા.૨૧/૦૬/૨૦૨૦ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા૨૬/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૮૮૭૬૨૯૯૪૫૩ ના ધારકે વિજયભાઇને ફોન કરી વિશ્વાસમાં લઈ એડવાન્સ પૈસા આપવાની લાલચ આપી ગુગલ પે તેમજ ફોન પે મારફતે કુલ રૂપિયા ૪૯,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી.રાઠવા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૫/૨૦૨૦</u>**

**વટવાઃ** ઉમરફારૂક સ\ઓ અલીમોહમદ મલબારી (ઉ.વ.૪૦) (રહે. બ્લોક નંબર-૧૨/૩૮૦ વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૦ બપોર ૧/૩૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેશભાઈ કાશીરામભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી